# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૯/૧૨/૨૦૨૫ થી તા.૦૪/૦૧/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ.લ.ઇ.) :** ચાલુ સંધિકાળ યુક્ત વીક યુવાનોને નવી તક પુરી પાડશે. નોકરીની તલાશપૂર્ણ થાય. નવી જવાબદારી સાથે પ્રમોશન થાય. દાંપત્યજીવન ઉત્સાહજનક રહે. સમાજ પરિવારમાં યશ મળે. આરોગ્ય સુધરે, નવા રોકાણ પ્લાનિંગ પૂર્ણ થાય. નાના બાળકોને આનંદની અનુભૂતિ થાય તેવી ભેટ મળે. કાયદા-કાનૂન બાબતે હકારાત્મક પ્રગતિ થાય. કોઇ હરિફાઈમાં ઇનામ મળી શકે છે. આધુનિક ટેકનોલોજીને લગતાં કામમાં પ્રગતિ.

**વૃષભ (બ.વ.ઉ.)** વર્ષનું છેલ્લું અને પહેલું વીક તમારી ઊર્જા વધારનાર અને નોકરીમાં પ્રભાવ વધારનાર પુરવાર થશે. અનુકુળ વાતાવરણમાં કામ કરવાનું મળે. પ્રેમમાં ધીરજ રાખવી. પોતાના વિચારો બીજા પર લાદવા નહીં. નાના બાળકો અને સંતાનોનું ધ્યાન રાખવું પડશે. વાહન શિખતાં કે ચલાવતા સાવધાન રહેવું. વિદેશનાં કામમાં ગતિ આવશે. ખાસ મેળાવડામાં ઉચ્ચકક્ષાને મળવાનું બને. નવી નોકરીની તક મળે.

**મિથુન (ક.છ.ઘ.)** જૂનુ-નવુ વીક મોટાભાગે અનુકુળ છે. જૂનાં બાકી રહેલાં કામ પૂર્ણ થાય. ધંધા-વ્યવસાયના વિકાસની યોજનામાં મિત્રો વડીલોનો સાથ મળે. તમારા નવા ક્રિએટીવ વિચારો પ્રભાવ વધારશે. શિક્ષણમાં નાના-ભાઈ બહેન બાળકોને મદદરૂપ બનશો. વાણી અને ગુસ્સા પર કાબૂ રાખવો. ગુપ્ત વાત જાહેર કરવી નહીં. ખર્ચા વધશે.

**કર્ક (ડ.હ.)** ચાલુ મિશ્ર વર્ષવાળુ વીક લાંબી મુસાફરી કે વિદેશ પ્રવાસ કે વિદેશમાં અભ્યાસના કામના રસ્તા ખુલનાર રહેશે. નવો ધંધો-વ્યવસાય ઇચ્છનારને અનુકૂળતા થાય. તમારા વિચાર અને સલાહ લોકો ધ્યાનથી સાંભળશે. નવા ફેરફાર અને બદલાવ કરવાનું વીક છે. તમારી મર્યાદા સુધારવી. યોજનાપૂર્ણ મહેનતનું ફળ મળશે. શેર બજારમાં તક મળે. પ્રેમમાં સાથ અને શેર બજારમાં લાભ.

**સિંહ (મ.ટ.)** સંધિકાળ યુક્ત વીક ભાવનાત્મક પરિસ્થિતિમાંથી પસાર કરશે. જીવન સાથીની અપેક્ષાઓ વધશે. આર્થિક બાબતે મિશ્ર રહેશે. કેરીયરમાં નવા ફેરફાર કે પરિવર્તન માટે અનુકૂળતા પેદા થાય. વિદેશનાં કામમાં ગતિ આવે. હરિફાઈ યુક્ત પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. ધાર્મિક બાબતે આસ્થા વધશે. નોકરીમાં પ્રમોશન થાય. પ્રેમમાં આકર્ષણ વધશે. નવા લોકોથી સાવધાન રહેવું.

**કન્યા (પ.ઠ.ણ.)** ચાલુ નવા વર્ષ તરફ લઇ જતું વીક તમારા વિચારો અને મૂડને હકારાત્મક રાખશે. ઘરમાં આવતા લોકોનો સહકાર ખુશીનો અનુભવ કરાવશે. વડીલોની સલાહ માનવી તથા આરોગ્ય બાબતે સાવધાન રહેવું. ઘરમાં વડીલોના આરોગ્ય કે પડવા-વાગવાની સમસ્યા પેદા થઇ શકે છે. શિક્ષણ કાયદા, લેખન, પ્રકાશન, વિદેશ વગેરેને લગતાં કામ પાર પડે. નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધશે.

**તુલા (ર.ત.)** મિશ્ર વર્ષનું વીક ઉત્સાહ વધારનાર રહેશે. બદલાતું વર્ષ બદલાતા વાતાવરણની અસર આરોગ્ય પર કરશે. નોકરીમાં તમારી ક્ષમતાની કસોટી થાય. નવી જવાબદારી મળે. સરકારી કામમાં પ્રગતિ થાય. રોજના ધંધા-વેપારમાં આવક વધશે. હાથ પરનાં કામ સરળ રીતે પાર પડશે. ઊંમરલાયકના વિવાહ થાય. અધ્યાત્મિક શાંતિ મળે. વાદ-વિવાહથી બચવું. વીલ વારસામાં મદદનો લાભ મળે.

**વૃશ્ચિક (ન.ય.)** ચાલુ વીક જૂના વર્ષમાં કરેલી મહેનત અને રોકાણનું ફળ નવા વર્ષમાં આપનાર બની રહેશે. પરિવારમાં ખુશી અને આનંદમય પ્રસંગનો લાભ મળે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ મળે. શેર બજારનાં કામ થાય. મિત્રો સાથે નવા વેપાર-ધંધાની યોજના બને. સરકારી નોકરીની તક મળે. ચાલુ નોકરીમાં પ્રમોશન થાય. આરોગ્ય સુધરે, જીવન સાથીનો સાથ મળે. શુભ સમાચારથી ઊર્જા વધશે.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** નવા વર્ષનું આગમ યુક્ત વીકની શરૂઆત શુભ અને હકારાત્મક રહેશે. જાહેર જીવનમાં યશ મળે. મિત્રો-જીવનસાથી, સંતાન સાથે મનોરંજનનું આયોજન થાય. પ્રેમમાં પ્રગતિ થાય. પરીક્ષાનું પરિણામ હકારાત્મક રહે. નવા રોકાણથી લાભ થાય. આધુનિક હકારાત્મક વિચારોથી પ્રભાવ વધે. સરકારી નોકરીની તક મળે. આરોગ્ય સુધરે. રોજના કામમાં નવું શિખવા મળે. ઊંમરલાયકને યોગ્ય પાત્ર મળે.

**મકર (ખ.જ.)** સંધિકાળ યુક્ત વીક ઉત્સાહજનક સફળતાથી થાય. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે. પ્રવાસ, પર્યટન, માર્કેટીંગ, ટેકનોલોજી અને દલાલી વગેરેને લગતાં કામમાં સફળતા મળે. આર્થિક પ્રગતિથી નવા રોકાણ થાય. નવા ઘર, વાહનની યોજના બને. બહારના કામમાં મદદ મળે. માનસિક શક્તિ મજબૂત બને. આંતરિક પ્રેરણાથી નવા કામ પાર પડે. સરકારી નોકરીની તક મળી શકે છે.

**કુંભ (ગ.સ.શ.ષ.)** નવા વર્ષ તરફ દોરી જનાર વીક પરિવાર, મિત્રો અને સ્નેહીઓ સાથે ઉજવણીથી નવી ઊર્જા ભરનાર રહેશે. પારિવારિક કામમાં પ્રગતિ થાય. સોશિયલ મિડિયા સાથે જોડાયેલાને સફળતાનો અનુભવ થાય. મનોબળ વધે તેવા સમાચાર મળે. નવી નોકરીની તક ઊભી થાય. સાહસિક નિર્ણય લેવાય. વારસાનાં કામમાં પ્રગતિ થાય. જાહરે અને સમાજ જીવનમાં યશ મળે. પ્રેમમાં સાથ મળે. પરીક્ષામાં સફળતા મળે.

**મીન (દ.ચ.ઝ.થ.)** ચાલુ વીક જૂના વર્ષની મહેનતનું ફળ અને નવા વર્ષની ભવ્ય ઉજવણીમાં પસારનો અનુભવ કરાવશે. ઉચ્ચ કક્ષાનાં લોકોને મળવાનું થાય. નોકરી-ધંધા તેમજ પારિવારિક ધંધામાં નવી તક મળે. ઉઘરાણીની ચિંતા હળવી થાય. ઘરમાં નવા મહેમાનનું આગમાન થાય. નવી ખરીદીની આનંદનો અનુભવ થાય. નવા અને જૂનાં સંબંધો મજબૂત થશે. નવા ઘર, વાહનની યોજના પાર પડશે.

## ઈમરાન ખાન અને જેલ (બંધન) યોગ

ક્રિકેટની દુનિયામાં સફળ અને આખી દુનિયામાં ચાહના ધરાવનાર એક સફળ રમતવીર એવા ઇમરાન ખાનની આવી દુરદશાં થવાનાં કારણ આપણે જ્યોતિષની દૃષ્ટિએ સમજીએ. તેમની કન્યા લગ્નની કૂંડલીમાં રમત જગતમાં સફળતા અને કીર્તિના યોગની સાથે રાજકારણમાં પ્રવેશવાના અને જાહેરજીવનમાં ચમકવાના યોગની સાથે ન ટાળી શકાય તેવો બંધન કે જેલ યોગ થાય છે. કેન્દ્ર-ત્રિકોણના માલિક બુધ શનિ કેન્દ્રમાં યુતિ કિર્તી યોગની સાથે રાજકારણમાં પ્રવેશવાના યોગ કરે છે. પણ સાથે છઠ્ઠાનો માલિક શનિ અને બારમાનાં માલિક સૂર્યની યુતિ બંધન યોગ પણ કરે છે, સામાન્ય શનિ-બુધ અને સુર્યની યુતિ શુભ માનવામાં આવતી નથી. શનિ સૂર્યની જાતકને સર્વોચ્ચપદ પર જઇને અણધાર્ય અને ઓચિંતુ પતન કરે છે. એવા ઇતિહાસમાં અનેક ઉદાહરણોમાં ઇમરાન ખાનનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. મૂળ વાત પર આવતાં કોઇ જાતકની કુંડલીમાં છઠ્ઠુ : શત્રુ સ્થાન, આઠમું : અચાનક સંકટ અને બારમું : કારવાસ સ્થાન અને શનિ-મંગળ-રાહુ કેતુનો સંબંધ દેહભૂવન અને તેના માલિકનો સંબંધ કારાવાસ અને ગંભીર પ્રકારના કેસોનો સામનો કરવાનું બનતું હોય છે.

જેલ યોગના મુખ્ય કારણ : છઠ્ઠા આઠમાં અને બારમા ભાવ સાથે શનિ-મંગળ-રાહુ-કેતુનો સંબંધ, શનિ કર્મ ફળના દાતા કોર્ટ-કચેરીમાં સજા અપાવે છે. મંગળ હિંસા, લૂંટ, ક્રોધ, ઝઘડા વગેરેથી મુકદ્દમામાં કેસમાં ફસાવે છે. રાહુ-કેતુ જૂઠા આરોપ, ભ્રમ અને કોઇ પણ કેસમાં ખોટી રીતે ફસાવીને જેલમાં ધકેલી દે છે. ઇમરાન ખાનની કુંડલીમાં આ તમામ યોગ થાય છે! તેમની કન્યા લગ્નની કુંડલીમાં છઠ્ઠાનો માલિક શનિની બારમાના માલિક સૂર્ય સાથે દેહભૂવનમાં લગ્નેશબુધ સાથે યુતિ બંધન કે જેલ યોગ કરે છે. અહીં લગ્નેશ બુધ બંને નિર્બળ છે. શનિ-બુધ બંને મંગળના ચિત્રા નક્ષત્રમાં અંશાત્મક યુતિમાં વિપરીત રાજ યોગની સાથે બંધન યોગ પણ કરે છે. કમજોર લગ્નેશ બુધ બારમાના માલિક સૂર્ય સાથે છઠ્ઠાના માલિક શનિના કારણે મજબૂત બંધન-જેલ યોગ થાય છે. શનિ પાંચમાનો પણ માલિક છે ત્યાં રાહુની હાજરી સૂર્ય શનિ-બુધ પર દૃષ્ટિથી આ યોગ મજબૂત બને છે. બારમાના માલિક સાથે રાહુનો સંબંધ હોય તો જેલ યાત્રા થાય છે. કોઇ પણ કુંડલીમાં 2,5,9 અને 12 ભાવ અને તેના સ્વામીની કમજોર અને પીડીત હોય તો બંધન-જેલ યોગ પ્રબળ બને છે. ઇમરાનની કુંડલી.

મારકેશ શુક્ર બીજો મારક સ્તાનમાં મારકેશ ગુરુની દૃષ્ટિમાં સૌથી વધુ બંધન યોગને મજબૂત કરે છે. જ્યારથી સપ્ટેમ્બર 2015 થી ગુરુની મહા દશા ચાલુ થઇ ત્યારથી જ તેમના જીવનમાં જેલમાં જવા માટેના રસ્તા ખુલવા માંડ્યા અને રાજકારણમાં જંપલાવ્યુ અને ઓગસ્ટ 2023 થી એપ્રિલ 2026 સુધીની મારકેશ ગુરુની મહાદશામાં મારકેશ શુક્રની અંતરદશામાં મરણ તુલ્ય સ્થિતિનો સમય જાગૃત થયો માટે જ જેલમાં તેમની હત્યા થઇ છે એવી અફવા ફેલાઈ. આજ સમયે જન્મના મંગળ પરથી મંગળ સૂર્યનું ચોથા સ્થાનમાં ગોચર ભ્રમણ અને શનિ સામેથી શનિનું ગોચર ભ્રમણ વધુ ભયાનક હતું. કારણ કે ચોથુ સ્થાન જો પીડીત હોય તો પણ જેલ યોગ કરે છે. તેમની કુડુંલીમાં ચોથે આઠમાનો માલિક મંગળ આઠમે રહેલ ગુરુ સાથે પરિવર્ત યોગ થી દૈત્ય નામનો અશુભ યોગ કરે છે. જ્યારે કુંડલીમાં પાંચ ગ્રહો-મંગળ-શનિ-રાહુ કેતુ સૂર્ય સક્રિય બને છે ત્યારે જાતક કોઇ કાવતરામાં ફસાય છે. તમનો ગોચરનો રાહુ-છઠ્ઠે અને બારમે કેતુ સક્રિય છે અને ચોથુ સ્થાન વધુ સક્રિય આ સમયમાં બન્યું હતું. કારણ કે ચોથે જન્મના મંગળ પરની સૂર્ય-મંગળનું ભ્રમણ અને તેના પર શનિની દૃષ્ટિના કારણે તેમના મૃત્યુની અફવા ફેલાઈ હતી પણ સપ્ટેમ્બર 2025 થી ફેબ્રુઆરી 2026 સુધીને લગ્નેશ બુધની પ્રતિ અંતરદશાના કારણે મૃત્યુ ફક્ત અફવા સાબિત થઇ. લગ્નેશ બુધ નિર્બળ અને જેલ યોગ કરતા ગ્રહોથી પીડીત છે. માટે લગ્નેશ હોવાના કારણે જીવનદાન મળ્યું પણ જેલની સજા ટાળી શકાય નહીં.

બંધન યોગ કરતી કુંડલીમાં ચોથુ સ્થાન જ્યારે બગડે છે ત્યારે સજા ચોક્કસ થાય છે અને એવા જાતકોને જેલમાં જવાનું બને છે. દા. ત. અમિત શાહ, પી. ચિદરમ, સલમાન ખાન, સંજય દત્ત વગેરેની કુંડલીમાં બંધન યોગ થાય છે. માટે જ તેમને જેલની હવા ખાવી પડી છે. ઇમરાન ખાનની કુંડલીમાં ગુરુ શુક્ર પરબલ મારકેશ બને છે. ગુરુ-શુક્ર મારકેશ બનતા હોય અને તેમની દશા હોય કે સહાયક મારકેશની દશા-અંતર કે પ્રતિઅંતર અને ગોચરમાં ચોથું સ્થાન નકારાત્મક રીતે સક્રિય થાય છે ત્યારે જાતકનું મૃત્યુ થાય છે, પણ ઇમરાન ખાનના મૃત્યુની ફક્ત અફવા જ રહી તેનું કારણ શુક્ર મારકેશની સાથે તારકેશ પણ છે. કારણ કે તે ભાગ્યેશ છે અને લગ્નેશ બુધનો પરમ મિત્ર સાથે રાહુ-શનિનો પણ મિત્ર હોવાથી જ મૃત્યુની અફવા-અફવા જ રહી. બાકી ગુરુ-રાહુ-મંગળ જાતકને પીડાદાયક મૃત્યુ આપે છે. ઇમરાન ખાનનો 2031 સુધી પ્રતિકુળ છે. પ્રબળ જેલ કે બંધન યોગને સક્રિય કરનાર લોઢાના પાયાની સાડા સાતીનો પ્રથમ પનોતિનો તબક્કો પણ છે. આ સમય દરમિયાન તેમનું કંઇ પણ થઇ શકે છે. કારણ કે ચોથે અશુભ યોગ કરતાં મંગળ છે. જે અકાળ મૃત્યુના યોગ કરે છે. જેલ યોગથી બચવાના યોગ તેમની કુંડલીમાં ઓછા છે.

**ડોક્ટર દ્વારા પારધણ માતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવાઇ**

# એસએસજી હોસ્પિટલમાંથી 1 માસની જીવતી બાળકી મળી આવી

**રાવપુરા પોલીસે માતા સામે શોધખોળ શરૂ કરી**

(પ્રતિનિધિ) વડોદરા, તા.28
વડોદરા શહેરની સયાજી હોસ્પિટલમાં માતા નવજાત બાળકીને ત્યજીને ફરાર થઇ ગઇ હતી હતી. જે બાળકીને મળી આવતા સમગ્ર હોસ્પિટલ સંકુલમાં માતાની શોધખોળ કરાઇ હતી. આખરે કોઇ પતો નહી લાગતા માતા વિરુદ્ધ ડોક્ટર ફરિયાદ નોંધાવી છે. જેથી રાવપુરા પોલીસે માતા સામે શોધખોળ શરૂ કરી છે. વડોદરા સૌથી મોટી સયાજી હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો.રવિશ બિમલભાઈ ગાંધી ફરીયાદ નોંધાવી હતી કે, હુ એસએસજી હોસ્પિટલ ખાતે બાળરોગ નિષ્ણાંત એમડીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરૂ છુ અને હોસ્પિટલ ખાતે ઈએમએન આઈસીયુ.વિભાગમાં ફરજ બજાવું છું. 27 ડિસેમ્બરના રોજ 8થી થી 24 વાગ્યા સુધી હોસ્પિટલમાં ફરજ પરત હતી. તે દરમ્યાન સવારના કલાક સાડા વાગ્યાના અરસામાં એક તાજુ જન્મેલી બાળકીને કોઈ વ્યક્તિ કોઈ કારણોસર એસએસજી હોસ્પિટલના ઈએમએન આઈસીયુ વિભાગના બેડ ઉપર મુકી ત્યજી દઈ ફરાર થઇ ગઇ હતી. સ્ટાફના માણસોએ આ બાળકીને જોતા તેને શ્વાસ લેવામાં તકલીફ થતી હતી અને 900 ગ્રામ વજન ધરાવતી આ બાળકીનું ખુબ જ ઓછુ વજન હોવાના કારણે તેના પગમાં દવાખાનાની પટ્ટી બાંધેલી હોય જેમાં પુર્ણાબેન અશોક ખંભાવત નામ લખેલ હતુ. જેથી તેની તાત્કાલીક સારવાર ચાલુ કરી હતી અમે અમારા એસએસજી હોસ્પિટલના સીએમઓ. ડો.રવી મકવાણાને જાણ કરી હતી અને તેઓએ હોસ્પિટલના કેજ્યુલીટી દવાખાના ડયુટી વૃ.પી.સી. રમીલાબેન અમરસિંગભાઈને કરી હતી. નવજાત બાળકીને 1 દિવસની હતી અને ઈ.એમ.એ ન.આઇ.સી.આઈમાં દર્દીના સગા વહાલા મુકીને ભાગી ગયા હતા. જેથી ડોક્ટરની ફરિયાદના આધારે પોલીસ દ્વારા એસ.એસ.જી. હોસ્પિટલના ઇ.એમ.એ ન.આઇ.સી.યુ. વિભાગના બેડ ઉપર કોઈ અજાણી વ્યક્તિએ કોઈ કારણસર એક તાજી જન્મેલા જીવીત ત્યજી દેનાર માતા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઇ છે.


### પોલીસની એક ટીમ વડોદરાની બહારના ગ્રામ્ય વિસ્તારમાં રવાના કરાઇ

એસએસજી હોસ્પિટલમાંથી ત્યજી દેવાયેલી બાળકીને કોણ મુકી ગયું હશે તેની તપાસ કરવા માટે રાવપુરા પોલીસ દ્વારા એસએસજી હોસ્પિટલમાં વોર્ડ તથા બહારની સાઇડમાં લગાવેલા સીસીટીવી કેમેરાની ફુટેજના આધારે તપાસ શરૂ કરાઇછે. જેમાં આ બાળકની માતા તથા તેના પિતા સહિતના લોકોની શોધખોળ પણ કરવામાં આવી છે. જેની તપાસ માટે એક ટીમ વડોદરા શહેરના બહાર આવેલા ગામડામાં રવાન કરાઇ છે.

### માતા સામે લોકોમાં ભારે ફિટકારની લાગણી ફેલાઇ

વડોદરા શહેરમાં વારંવાર આ રીતે નવજાત બાળક કે બાળકીને રઝળતી મુકી દેવામાં આવતી હોય છે. ક્યારે બાળક જીવત તો કેટલાક કિસ્સામાં બાળકનવજાત શિશુ જીવીત મળી આવતા હોય છે. જેને લઇને લોકોમાં પણ આવી બાળકને જન્મ આપનાર માતા સામે ભારે ફિટકારની લાગણી વરસાવી રહ્યા છે.

# જાન્યુઆરીથી ઠંડીના નવા રાઉન્ડની શરૂઆત, તાપમાન 14.4 ડીગ્રી નોંધાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા.28
વડોદરા સહિત રાજ્યમાં આગામી 2 જાન્યુઆરીથી કડકડતી ઠંડીના નવા રાઉન્ડની શરૂઆત થશે. ત્યારે, રવિવારે શહેરનું લઘુત્તમ તાપમાન 14.4 ડીગ્રી નોંધાયું હતું. ઠંડા પવનો ફૂંકાતા ઠંડીની તીવ્રતા વધવાની શક્યતાઓ રહેલી છે. વડોદરા શહેરમાં ડિસેમ્બર મહિનામાં ઠંડીની તીવ્રતા ઓછી નોંધાય છે. જોકે આગામી જાન્યુઆરી મહિનો શરૂ થતા જ ઠંડી એકાએક વધી જશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. બીજી જાન્યુઆરીથી ઠંડીનો પારો ત્રણ ડિગ્રી જેટલો ગગડીને 10 થી 11 ડિગ્રી સુધી પહોંચી જવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. એક પછી એક પ્રબળ વેસ્ટન ડિસ્ટર્બન્સ આવી રહ્યા છે. જેને કારણે ઠંડા પવનો ફૂંકાતા ઠંડીની તીવ્રતા વધવાની શક્યતાઓ છે. વડોદરા શહેરમાં રવિવારે મહત્તમ તાપમાન 31.2 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 14.2 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 87% અને સાંજે 48% નોંધાયુ હતું. વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં આગામી જાન્યુઆરી મહિનાથી કડકડતી ઠંડી પડશે. સમગ્ર જાન્યુઆરી મહિનો ઠંડો રહેશે. જ્યારે દિવસે થોડી ગરમી રહેશે. પરંતુ, રાત પડતાની સાથે જ ઠંડીની તીવ્રતા વધી જશે. આગામી દિવસોમાં વહેલી સવારે હવે હળવા ધુમ્મસની અસર જોવા મળી શકે છે. જેના કારણે વિઝિબિલિટીમાં ઘટાડો થઈ શકે છે.

**શહેરના રાજમાર્ગો ઉપર રખડતા ઢોરો બેકાબુ : નાગરિકોના જીવ જોખમમાં**

# ખોડિયાર નગરમાં વિફરેલી ગાયે બે વ્યક્તિઓ પર હિંસક હુમલો કરતાં એકની હાલત નાજુક

(પ્રતિનિધિ) વડોદરા, તા.28
વડોદરા શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ યથાવત રહ્યો છે. શહેરના ખોડિયાર નગર વિસ્તારમાં આવેલા પંચમ એલાઈટ પાસે એક બેકાબુ બનેલી ગાયે અચાનક હિંસક હુમલો કરતા બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટનાને પગલે વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ મહામુસીબતે ગાયના સિકંજામાંથી બંને વ્યક્તિઓને બચાવી સારવાર અર્થે ખસેડ્યા હતા, જેમાંથી એક વ્યક્તિની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.આ ઘટનાથી ફરી એકવાર વડોદરા મહાનગરપાલિકાની ઢોર ડબ્બા પાર્ટીની



કામગીરી સામે પ્રશ્નો ઉઠ્યા છે. શહેરમાં રખડતા ઢોરોને પકડવાના દાવાઓ વચ્ચે ઢોર માલિકો અને ડબ્બા પાર્ટીના કેટલાક કર્મચારીઓ વચ્ચેની સાંઠગાંઠને કારણે રખડતા ઢોરો ફરી રસ્તા પર જોવા મળતા હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે ઘણી વખત ઢોર માલિકો બપોરના સમયે પોતાના ઢોરોને રસ્તા પર છોડી દે છે, જેના કારણે ઢોરો રસ્તા પર અડીંગો જમાવી લે છે. પરિણામે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. અનેક વખત ઢોરોની અંદરોઅંદરની લડાઈ કે અચાનક હુમલાના કારણે અકસ્માતો સર્જાતા હોવાની ઘટનાઓ પણ સામે આવી છે.ખોડિયાર નગર વિસ્તારમાં બનેલી આ ઘટનામાં જે રીતે ગાયે બે વ્યક્તિઓ પર શિંગડે ભેરવી હુમલો કર્યો, તે જોઈ સ્થાનિકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

**અનુસંધાન**... પાના પહેલાનું

### ભારતે નૂરખાન એરબેઝ...

જણાવ્યું હતું કે ભારત યુદ્ધવિરામ માટે તૈયાર છે અને પૂછ્યું હતું કે શું પાકિસ્તાન સંમત થશે? મેં કહ્યું હતું કે અમે ક્યારેય યુદ્ધમાં જવા માંગતા નથી એમ ડારે વધુમાં જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે સાઉદી વિદેશ પ્રધાન પ્રિન્સ ફૈઝલે પાછળથી ભારત સાથે વાત કરવાની પરવાનગી માંગતા તેમનો સંપર્ક કર્યો અને “ત્યારબાદ પુષ્ટિ કરી કે યુદ્ધવિરામ પર સંમતિ થઈ ગઈ છે.” ડારે એવો પણ દાવો કર્યો હતો કે 7 મેના રોજ હવાઈ યુદ્ધ દરમિયાન પાકિસ્તાને સાત ભારતીય જેટ તોડી પાડ્યા હતા, તેમના દાવાઓના સમર્થનમાં કોઈ પુરાવા આપ્યા વિના તેમણે આ વાત કરી હતી. મંત્રીએ પાકિસ્તાનના વલણને પુનરાવર્તિત કર્યું કે આ ક્ષેત્રમાં કાયમી શાંતિ જમ્મુ અને કાશ્મીર વિવાદના ઉકેલ સાથે જોડાયેલી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારત ઘણી વાર દાવો કરતું આવ્યું છે કે મેમાં ચાર દિવસની લડાઈ દરમયાન પાકિસ્તાનના નૂરખાન એરબેઝને નિશાન બનાવવામાં આવ્યું હતું, પરંતુ પાકિસ્તાન અત્યાર સુધી આ વાત કબૂલી ન હતી. એરબેઝની કેટલીક સેટેલાઇટ તસવીરો પણ ભારતીય મીડિયાએ દર્શાવી હતી.

### લડાઈ દરમિયાન મને...

વચ્ચે વ્યાપક લશ્કરી મુકાબલાનો ભય ઊભો કર્યો હતો.

ઝરદારીએ કહ્યું કે, તેમણે ઘણા દિવસો પહેલા જ તણાવ વધવાની આગાહી કરી હતી, પરંતુ તેમણે દાવો કર્યો હતો કે, જ્યારે તેમને બંકરમાં જવાની સલાહ આપવામાં આવી ત્યારે તેમણે બંકરમાં જવાનો ઇનકાર કર્યો હતો. તેમની ટિપ્પણીઓ કટોકટી દરમિયાન પાકિસ્તાનના ટોચના નેતૃત્વમાં ચિંતાની વાત સાર્વજનિક રૂપે સામે આવી છે.

### નવું વર્ષ અને...

દેવામાં આવી છે.

અધિકારીએ ઉમેર્યું હતું કે, સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવા અને લોકોને અફવાઓથી દૂર રહેવાની અપીલ કરવા માટે વિવિધ જિલ્લાઓમાં સ્થાનિક શાંતિ સમિતિઓ સાથે બેઠકો યોજવામાં આવશે. પોલીસ ડ્રોન સર્વેલન્સ દ્વારા આ વિસ્તારો પર પણ નજર રાખશે. લાલ કિલ્લા વિસ્ફોટની ઘટના પછી દિલ્હી પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓ ભારે સતર્કતા રાખી રહી છે. અધિકારીના જણાવ્યા મુજબ, પોલીસ છેલ્લા એક મહિનાથી સંવેદનશીલ વિસ્તારોમાં રહેતા અથવા આવતા-જતા લોકોના નામ અને સરનામાંની ચકાસણી કરી રહી છે. ટીમોએ હોટલોમાં સીસીટીવી કેમેરાની ગતિવિધિ, રેકોર્ડિંગ સિસ્ટમ અને સંગ્રહિત ફૂટેજની તપાસ કરી છે, ઉપરાંત યોગ્ય જાળવણી, ડેટાબેઝ અને રજિસ્ટર ચકાસ્યા છે. અધિકારીએ જણાવ્યું હતું કે, અમે મજબૂત સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરી છે.'

અધિકારીઓએ જણાવ્યું હતું કે, દિલ્હી પોલીસે નવા વર્ષની પૂર્વ સંધ્યા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પણ વ્યવસ્થા વધુ સઘન બનાવી છે. ટ્રાફિક પોલીસ અને અર્ધલશ્કરી દળો સહિત લગભગ 20,000 પોલીસ કર્મચારીઓને શહેરમાં તૈનાત કરવામાં આવશે.

### RSSની પ્રશંસાના...

બેઠક દરમિયાન બન્યું હતું.

જૂની તસવીરમાં એક યુવાન નરેન્દ્ર મોદી કાર્યકર્તા તરીકે ફ્લોર પર બેઠેલા જોવા મળે છે, જ્યારે ભાજપના દિગ્ગજ નેતા લાલ કૃષ્ણ અડવાણી ખુરશી પર બેઠા છે. દિગ્વિજય સિંહે આ તસવીરને ‘પ્રભાવશાળી’ ગણાવી અને કહ્યું કે તે ગુજરાતમાં એક કાર્યક્રમમાં લેવામાં આવી હતી. આ પોસ્ટે કોંગ્રેસની અંદર અને બહાર રાજકીય પ્રતિક્રિયાઓ ઊભી કરી, પક્ષના સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન સંગઠનાત્મક શક્તિની આસપાસની આંતરિક ચર્ચાઓ પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કર્યું.

### ઉસ્માન હાદીના બે...

ઔપચારિક અને અનૌપચારિક બંને માધ્યમો દ્વારા ભારતીય અધિકારીઓ સાથે સંપર્કમાં છીએ.'' નઝરુલ ઈસ્લામે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશી અધિકારીઓને અનૌપચારિક માહિતી મળી છે કે, પૂર્તિ અને સામી બંનેને ભારતીય અધિકારીઓ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા છે. જોકે, સત્તાવાર પુષ્ટિની રાહ જોવાઈ રહી છે. નઝરુલ ઈસ્લામે ઉમેર્યું હતું કે, બાંગ્લાદેશ સરકાર ભાગેડુઓની વાપસી સુનિશ્ચિત કરવા માટે ભારત સાથે સંપર્કમાં છે. તેમની ધરપકડ અને પ્રત્યાર્પણ માટે ઔપચારિક અને અનૌપચારિક બંને માધ્યમો દ્વારા વાતચીત ચાલી રહી છે. જો કે મેઘાલય પોલીસ અને બીએસએફે ઢાકા પોલીસના દાવાઓને ફગાવી દીધા છે અને કહ્યું છે કે હાદીના હત્યારાઓ ભારતમાં પ્રવેશ્યા નથી.

### ઇસરોનું શ્રીહરિકોટામાં...

છે. તે બેંગલુરુ-મુખ્ય મથક ધરાવતી અવકાશ એજન્સીને વિવિધ પ્રક્ષેપણ વાહનોનો ઉપયોગ કરીને વિવિધ ઉપગ્રહો લોન્ચ કરવામાં મદદ કરે છે. શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરના ડિરેક્ટર અને પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક પદ્મકુમાર ઈએસએ જણાવ્યું હતું કે, અવકાશમાં વિવિધ ભ્રમણકક્ષાઓમાં 12,000 - 14,000 કિલોગ્રામથી વધુ વજનના મોટા ઉપગ્રહો સ્થાપિત કરવાની તેની યોજનાને આગળ વધારવા માટે ઇસરોને મોટા પ્રક્ષેપણ વાહનોની જરૂર છે.

વૈજ્ઞાનિક પદ્મકુમારે કહ્યું કે, આ હેતુને પૂર્ણ કરવા માટે ઇસરો ત્રીજા લોન્ચ પેડની યોજના બનાવી રહ્યું છે. વૈજ્ઞાનિક પદ્મકુમારે તાજેતરના એક વાર્તાલાપમાં પીટીઆઈને જણાવ્યું હતું કે, ‘’અમે ચાર વર્ષમાં ત્રીજું લોન્ચ પેડ વિકસાવવા, ઇન્સ્ટોલ કરવા અને કાર્યરત કરવાની યોજના બનાવી રહ્યા છીએ. તેના માટે કામ ચાલી રહી છે.''

### ભ્રષ્ટાચારના આરોપસર...

કાર્યક્રમોમાંથી ગાયબ હતા, જેમાં જુલાઈના અંતમાં પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)ની વર્ષગાંઠ અને ઓક્ટોબરમાં પાર્ટીની ચોથી પૂર્ણાહુતિનો સમાવેશ થાય છે. નેશનલ પીપલ્સ કોંગ્રેસ (એનપીસી) સ્ટેન્ડિંગ કમિટીએ સીએમસીના ભૂતપૂર્વ વાઇસ ચેરમેન હી વેઇડોંગને પણ હાંકી કાઢ્યા હતા, જેમને આ વર્ષે ઓક્ટોબરમાં સીપીસીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા અને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. ચીની સૈન્યના એકંદર હાઈકમાન્ડ સીએમસીનું નેતૃત્વ રાષ્ટ્રપતિ શી જિનપિંગ કરે છે.

### રાષ્ટ્રપતિ દ્રૌપદી...

યાત્રા કરતી વખતે નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠી રાષ્ટ્રપતિ મુર્મુ સાથે હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. રાષ્ટ્રપતિ સશસ્ત્ર દળોના સુપ્રીમ કમાન્ડર પણ છે. રાષ્ટ્રપતિના સચિવાલયે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું કે, ''રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કારવાર નૌકાદળ મથક પર ભારતીય નૌકાદળની સ્વદેશી કલવરી ક્લાસ સબમરીન આઈએનએસ વાઘશીરમાં યાત્રા કરી હતી.'' રાષ્ટ્રપતિએ નૌકાદળનો ગણવેશ પહેરીને સબમરીનમાં પ્રવેશતા પહેલા નૌકાદળના કર્મચારીઓનું અભિવાદન ઝીલ્યું હતું. પી75 સ્કોર્પીન પ્રોજેક્ટની છઠ્ઠી અને અંતિમ સબમરીન આઈએનએસ વાઘશીરને જાન્યુઆરીમાં નૌકાદળમાં સામેલ કરવામાં આવી હતી નૌકાદળના અધિકારીઓના જણાવ્યા અનુસાર, તે વિશ્વની સૌથી શાંત અને બહુમુખી ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીનમાંની એક છે.

**: જાહેર નોટીસ :**

સુરત ડિસ્ટ્રીક્ટ, સબ ડીસ્ટ્રીક્ટ તાલુકા સુરત સીટીના મોજે કુલપાડાના સર્વે નંબર : ૧૩૬ પૈકી થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં આવેલ ''વિશ્વકર્મા ઇન્ડસ્ટ્રીયલ કો.ઓ. સર્વિસ સો. લિ.'' માં પાડવામાં આવેલા ઈન્ડસ્ટ્રીયલ શેડો / પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૮ વાળી બાંધકામ સહીતની મિલ્કત જે સીટી સર્વે દફતરે વોર્ડ કુલપાડા-૧, સીટી સર્વે નંબર : ૯૯૬૩ થી નોંધાયેલ છે જેનુ ક્ષેત્રફળ સુમારે ૮૯.૪૩ ચો.મી. છે તે મિલ્કત તેના માલીક રોશનકુમાર જશવંતભાઈ પ્રજાપતિ રહેવાસી સુરતનાએ સદરહુ મિલ્કત પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. સદર મિલ્કત અંગે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દરદાવો કે કબજો ભોગવટો કે કોઈપણ પ્રકારનો બોજો હોય આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે અંગેના લેખીત પુરાવાઓ સહીત અમારો રૂબરૂ સંપર્ક કરી તે અંગેના વાંધાઓ નોંધાવવા સદર મુદત દરમ્યાન કોઈનાં કોઈપણ પ્રકારનાં વાંધા વિરોધ નોંધાવવામાં નહીં આવે તો મજકુર મિલ્કત અંગે કોઈનો કોઈપણ પ્રકારના હક્કો રહેલ નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદર મિલ્કતનો કાયદેસરના લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

સરનામું: દુકાન નં. ૧૪, ખટોદરા ઇન્ડસ્ટ્રીયલ સોસાયટી, ખટોદરા વાડી, સુરત. મો. ૮૮૬૬૧૩૧૪૫૪
અમારી મારફત **જનક જે. બારડોલીયા** એડવોકેટ

**-:: વેચાણ અંગે જાહેર નોટીસ ::-**

ભરૂચ ડીસ્ટ્રીક્ટ, અંકલેશ્વરમાં સબ-ડીસ્ટ્રીક્ટ તા. અંકલેશ્વરના મોજે ગામ દીવાના જુનો બ્લોક નં. ૫૫૮, નવો બ્લોક નં. ૧૯૧૦ કે જેનું ક્ષેત્રફળ હે.આ.રે ચો.મી. ૧-૫૬-૮૯ ચાલી આવેલ છે. જેનો આકાર ૨૫.૦૦ ચાલી આવેલ છે. તે ખેતીની જમીના ના માલીક હાજરા તે મહમદ મુસા માંજરાની વિધવા ચાલી આવેલ છે. તેમની પાસે અમારા અસીલે ખરીદ કરવાનું નક્કી કરેલ છે. આથી જે કોઈ વ્યકિત, કંપની કે સંસ્થાનો હક્ક, હિત, હિસ્સો કે લાગભાગ હોય તો દિન સાત માં લેખિત પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે જાણ કરવી. મુદત વિત્યા બાદ જો કોઈ વ્યકિત, કંપની કે સંસ્થાનો લાગભાગ કે હક્ક, હિત, હિસ્સો હોય તો તે જતો કરેલ છે તેમ માની અમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તારીખ : ૨૯/૧૨/૨૦૨૫

**બિપીન ડી. રોહીત** તે ખરીદનારના એડવોકેટ
સરનામું : એફ-૧૬,૧૭, ગજાનંદ કોમ્પ્લેક્ષ, સ્ટેશન રોડ, સચીન, તા. ચોર્યાસી, જિ. સુરત (M) ૯૬૨૪૩ ૬૦૦૬૬

**-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-**

વલસાડ ડીસ્ટ્રીકટ, વલસાડ સબ-ડીસ્ટ્રીકટના મોજે શંકરતળાવના બ્લોક/સર્વે નં.૨૯૦, જુનો બ્લોક/સર્વે નં.૧૨૨, ખાતા નં.૧૨૧, જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૩૯-૯૩ ચો.મી., જેનો આકાર રૂા.૦.૦૬ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન ગીરીશભાઈ ધીરૂભાઈ ઉર્ફે સુમંતરાય તથા અન્ય વારસદારો વિગેરેના એ સદરહુ જમીન પોતાની સ્વતંત્ર/સંયુકત માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થા પાસે ગીરો કે મોર્ગેજમાં મુકેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈ લીયન કે કરજ ઉભુ કરેલ નથી કે અન્ય કોઈને વેચાણ આપવાનું નકકી કરેલ નથી તેમજ સદરહુ જમીનમાં અન્ય કોઈ વ્યકિત, સંસ્થા, બેંક, હીસ્સેદાર, દાવેદાર નથી કે તે અંગેના કોઈ લખાણો કે કરારો કરેલ નથી તેવુ જણાવી યાને કે સદરહુ જમીનના ટાઈટલ સંપુર્ણ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેમ છતાં સદરહુ જમીન ઉપર બેંક, સંસ્થા, વ્યકિત યા હરકોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, બોજો, દર-દાવો, સાટાખત, બાનાખત હોય તો તેમણે દિન-૭ માં હમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવુ. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી અને જો હોય તો તે છોડી દીધા યાને વેવ કરેલ છે તેમ ગણી હમારા અસીલ ઉપરોકત જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઠેકાણુ : બી/૭૯, પરસોત્તમ નગર સોસાયટી, અલથાણ, સુરત. મો.નં.૯૯૭૮૬ ૨૦૬૮૮, મો.નં. ૭૮૫૯૮ ૪૨૭૮૫
**વિપુલચંદ્ર એન. ગામીત** તે ખરીદનારના એડવોકેટ

**મોજે : વરીયાવ, તા.કતારગામ, જી.સુરતનાં બ્લોક નં.૩૬૪/અ, સર્વે નં. ૩૮૪, ૩૯૬ વાળી જુની શરતની જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ**

ડીસ્ટ્રીકટ સુરત સબ-ડિસ્ટ્રીકટ તા.કતારગામનાં મોજે ગામ વરીયાવનાં બ્લોક નં.૩૬૪/અ, સર્વે નં.૩૮૪, ૩૯૬ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું કુલ્લે ક્ષેત્રફળ હે.આરે.૧-૩૫-૫૭ ચો.મી. યાને ૧૩૫૫૭ ચો.મી. થાય છે. જેનો આકાર રૂા.૧૬.૭૮ પૈસા છે. તે જુની શરતની ખેતીની જમીન (૧)ઠાકોરભાઇ રણછોડભાઇ, (૨)ભીખીબેન રણછોડભાઇ (૩)ચેતનભાઇ બહાદુરભાઇ પટેલ (૪)ગીતાબેન તે બહાદુરભાઇ ગોવિંદભાઇની પુત્રી અને ભરતભાઇ સોમાભાઇની પત્ની (૫)મનિષભાઇ બહાદુરભાઇ પટેલ (૬)નયનાબેન તે ઠાકોરભાઇ રણછોડભાઇની પુત્રી અને દિપકભાઇ ગાંડાભાઇની પત્ની (૭)નિલયભાઇ ઠાકોરભાઇ પટેલ (૮) હરીશભાઇ ઠાકોરભાઇ પટેલનાંઓની પોતાની સંયુકત માલિકી કબજા ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળની ચાલી આવેલી હોવાનું જણાવી તથા સદરહુ જમીનનાં ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ, કોઇપણ જાતનાં બોજા કે ચાર્જ રહિત હોવાનું જણાવી, કોઇનાં કશા પ્રકારનો ઇઝમેન્ટનો હકક ન હોવાનું જણાવી તથા અન્ય કોઇને વેચાણ આપવાનું નકકી કરેલ નથી તેમ જણાવી અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. આથી સદરહુ જમીન બાબતે કોઇપણ શખ્સ, સંસ્થા કે અન્ય કોઇના કોઇપણ પ્રકારનાં હકક હિત, હિસ્સા, અધિકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇપણ જાતનો વાંધો હરકત હોય તો તેણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો આ નોટીસની મુદત વિત્યે કોઇ પણ વ્યકિત કે સંસ્થાનો કોઇ પણ પ્રકારે હકક, હિત, હિસ્સો, સંબંધ, અધિકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો હરકત નથી અને હોય તો તે જતા કર્યા છે યાને વેઇવ કર્યો છે. એમ માની લઇ અમારા અસીલ સદરહુ જમીનના પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અગર તે સંદર્ભેનાં અન્ય પાકા લખાણો કરાવી લેશે અને પાછળથી કોઇની કોઇપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

ઓફીસ : ૨૦૪, સેકન્ડ ફલોર, ઓક્યુલસ, મધુવન સર્કલની નજીક,એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત. ૩૯૫૦૦૯ મો.૯૭૨૭૭ ૦૬૫૪૩
**દિપન આર. માસ્તર** તે ખરીદનારનાં એડવોકેટ

**જાહેર નોટીસનો વળતો જવાબ / સામી ચેતવણી**

મારા અસીલ સુધીરભાઈ મગનભાઈ પટેલનાઓની મળેલ ખાસ સુચના અને ફરમાઈશ અન્વયે એડવોકેટશ્રી મુકેશભાઈ એસ.પટેલ નાઓએ તેઓના અસીલ જમનાબેન તે ગોપાળ લલ્લુની વિધવા, ઈલાબેન ગોપાળભાઈ વિગેરે તરફે તા.૧૮/૧૨/૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરાવેલ જાહેર નોટીસનો વળતો જવાબ તથા ચેતવણી આપી તમામ લાગતા વળગતાને જણાવવાનું કે....

ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે ગામ મોહણીના રેવન્યુ સર્વે નં.૧૮૯, જેનો બ્લોક નં.૩૧૨ વાળી બીનખેતી પ્રિમયમને પાત્ર ખેતીની જમીન કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ હે.આરે.૦-૪૫-૫૩ પૈકી વણવહેંચાયેલ હિસ્સા વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ ૩૪૧૪.૭૫ ચો.મી. વાળી બીનખેતી પ્રિ.પાત્ર ખેતીની જમીન મારા અસીલે કિંમતી અવેજ બદલ સદર જમીન ધર્મેશભાઈ જયંતિભાઈ ઈટવાલા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૪૨૮/૨૦૨૧ થી તા.૧૫-૦૯-૨૦૨૧ ના રોજ ખરીદ કરેલ છે. આમ મારા અસીલ સદર જમીનના બોનાફાઈડ પરચેઝર છે. અને મારા અસીલે કયારેય મુળ માલીક જમનાબેન તે ગોપાળ લલ્લુની વિધવા, કાંતાબેન તથા ઈલાબેન ગોપાળભાઈ વિગેરે નાઓ સાથે કોઈપણ જાતના વેચાણ વહેવારો કે કોઈપણ પ્રકારના વહેવાર કરેલ નથી. કે તેઓ સાથે મારા અસીલને કોઈ લેવા-દેવા કે કોઈ સબંધ ન હતો કે નથી જેથી અવેજના નાણાં મળ્યાનો કે ન મળ્યાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મુળ જમીન માલીકે જમનાબેન વિગેરેઓ પાસેથી ધર્મેશભાઈ જયંતિભાઈ ઈટવાલાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૦/૨૦૨૧ થી તા.૧૩-૦૧-૨૦૨૧ ના રોજ વેચાણથી રાખેલી. ત્યારબાદ મુળ માલીકોએ ધર્મેશભાઈ ઈટવાલાને અવેજ મળ્યા બાબત તા.૧૪-૦૯-૨૦૨૧ ના રોજ સુધારાનો રજી. દસ્તાવેજ નં.૪૨૪/૨૧ નો કરી આપેલ છે. અને જેમાં પણ મુળ માલીકોએ સદર જમીનનો તમામ અવેજ મળી ગયેલ છે તેવી કબુલાત પણ આપેલ છે. ત્યારબાદ આ જમીન પૈકી બાકી રહેતી ૧૧૩૮.૨૫ ચો.મી. જમીન તેના હાલના માલીક સતીષભાઈ મનસુખભાઈ બોરડ પાસેથી વેચાણ દસ્તાવેજથી ખરીદ કરી પુરેપુરી આખી જમીનના માલીક, કબજેદાર મારા અસીલ થયેલ છે. આમ મારા અસીલ શુધ્ધ-બુધ્ધિ પુર્વકના ખરીદનાર છે અને તેમને સદર જમીનની સંપૂર્ણ વહીવટ, વ્યવસ્થા કરવાનો પુરેપુરો હકક અને અધિકાર છે.

એન્ટ્રી રદ બાબત અને ટુકડા ધારા ભંગ બાબતની તકરાર મારા અસીલ અને સરકાર વચ્ચેની છે. નોટીસમાં જણાવ્યા મુજબ ધર્મેશભાઈ તથા સુધીરભાઈ મગનભાઈ પટેલ નાએ ઈ.પી.કો. ની કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮ વિગેરે નો ગંભીર ગુનો કરેલ હોવાના કથનો વિશે જણાવવાનું કે ઉપરોકત કલમ બનાવટી ડોકયુમેન્ટ ઉભા કરવા અંગેની છે અને સદર જમીન અંગે મારા અસીલે એવા કોઈ બનાવટી ડોકયુમેન્ટ ઉભા કરેલ નથી. જેથી મારા અસીલ ઉપર આવી કોઈ કલમો લાગતી નથી. જેથી મારા અસીલને ગંભીર ફોજદારી ગુનાઓમાં સંડોવી દેવાની ધમકી આપી ડરાવી ધમકાવીને વધુ નાણાં પડાવવા હાલની નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે.

વેચાણ દસ્તાવેજ નં.૩૦/૨૦૨૧ થી ઠગાઈ કરેલાનું કે છેતરપિંડી કરી હોવાનું કે દસ્તાવેજ ખોટી રીતે ઉભો કરેલ હોવાનું કે એન્ટ્રી ફેરવવાની જણાવેલ હોવાનું કે ખેડુતને નાણાં ન આપેલ હોવાનું તે તમામ ગેરકાયદેસર કથનો આ નોટીસ પ્રસિધ્ધ કરાવનારાઓના ફળદ્રુપ ભેજાનો પરીપાક છે. નોટીસ પ્રસિધ્ધ કરાવનારે એક-બીજાના મેળપીપણામાં કરેલા ગેરકાયદેસરના કૃત્યો અંગેની તમામ હકીકતોથી માહિતગાર હોવા છતાં ખોટી રીતે મારા અસીલને ધમકાવીને તથા મારા અસીલના સદર જમીનના ટાઈટલ ડીસ્પ્યુટ કરીને તથા મારા અસીલ પાસેથી વધુ નાણાં પડાવવાના બદઈરાદે તથા મારા અસીલની સમાજમાં ચાલી આવેલ શાખ અને પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડવાના બદઈરાદે આશરે ૪ વર્ષ બાદ ખોટી, રેકર્ડ વિરૂધ્ધની હકીકતો જણાવી હાલની આ જાહેર નોટીસ આપી છે.

ઉપરોકત હકીકત જોતાં હાલના ફકત મારા અસીલ જ માલીક અને કબજેદાર તરીકે ચાલી આવેલા છે. અને તેથી મારા અસીલ સિવાય સદર જમીનમાં હરકોઈ ઈસમ દ્વારા કોઈપણ પ્રકારના લખાણ, એમ.ઓ.યુ. પાવર કે કરારો કરવા કરાવવામાં આવશે તો તે તમામ ઈસમોને તથા તે લખાણો કરાવવામાં સંકળાયેલા ઈસમોને લેન્ડ ગ્રેબીંગ એકટની જોગવાઈઓ હેઠળ સંડોવાવવું પડશે જેની સ્પષ્ટ નોંધ લેવી. કોઈ ખોટી રીતે ફસાઈ ન જાય તેવા શુધ્ધ-બુધ્ધિ પુર્વકના ઈરાદાથી હાલનો આ જાહેર જવાબ તથા સામી ચેતવણી વિધાઉટ પ્રેજયુડીસ “ ગુજરાત મિત્ર ” દૈનિકમાં પ્રસિધ્ધ કરાવેલ છે.

તારીખ : ૨૯/૧૨/૨૦૨૫
ઓફીસ : ૧૦૭-૧૦૮,શુભમ કોમ્પલેક્ષ, આનંદ હોસ્પિટલની ગલીમાં, પોર મહોલ્લો, નાનપુરા, સુરત.
**નીરવ આર. દૂધવાલા** તે સુધીરભાઈ મગનભાઈ પટેલના એડવોકેટ